MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 01, Issue: 02, December 2023

# સમાજ ઘડતર માટે શિક્ષણ, સમાજ અને સંશોધનની ભૂમિકા અને જવાબદારી : પડકારો અને ઉપાયો

રવિકુમાર મોહનભાઇ વાજા પીએચ. ડી. સ્કોલર, ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.

સારાંશ

સમાજ ઘડતરમાં શિક્ષણનું ઘણું બધું યોગદાન રહ્યું છે. શિક્ષણ અને તેની સાથે સંશોધન પણ સમાજ ઘડતર માટે ખૂબ જ ઉપયોગી છે અને તે સમાજની જરૂરિયાત પણ છે. શિક્ષણનું સ્વરૂપ જ કાર્યોની દ્રષ્ટિએ સામાજિક છે. સમાજના ઘડતર માટે જેમ શિક્ષણ જરૂરી છેતેમ શિક્ષણ માટે સંશોધન અને સમાજ બંને પાયો છે. માટે જ પ્રસ્તુત સંશોધનમાં સમાજ ઘડતર માટે શિક્ષણ સંશોધનની ભૂમિકા તેમજ જવાબદારીની સાથે તેના પડકારો અને ઉપાયોનો અભ્યાસ કરવામાં આવેલ છે.

ચાવીરૂપ શબ્દો : શિક્ષણ, સંશોધન, સમાજઘડતર

સમાજ ઘડતર માટે શિક્ષણ, સમાજ અને સંશોધનની ભૂમિકા અને જવાબદારી : પડકારો અને ઉપાયો

## વિષય પ્રવેશ

સમાજ એટલે કે વ્યક્તિઓનો સમૂહ. માનવી પોતાની બુદ્ધિ, શક્તિ, કલા-કૌશલ્ય, આવડત, મહેનત અને સર્જન દ્વારા મેળવે છે તેની સાથે જીવત વ્યતીત કરે છે. આ જીવનકાળ દરમિયાન તેમણે જે જ્ઞાન મેળવેલ છે તે જ્ઞાનનો વ્યવહાર ઉપયોગ એટલે કળા. સમાજ ઘડતર માટે ઘણા બધા પરીબળો ખૂબ જ ઉપયોગી છે અને સાથે-સાથે અસરકારક પણ છે. જેમ કે શિક્ષણ અને સંશોધન. જો કોઇપણ સમાજનું ઘડતર કરવું હોય તો તેને અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઇ જવું ખૂબ જ જરૂરી હોય છે. શિક્ષણ અથવા કેળવણી એ દરેક યુગની જરૂરીયાત રહી છે.

શિક્ષણ નિ:સંદેહ છે પરંતુ કોઇપણ યુગમાં જીવનમાં સુખ, શાંતિ અને સફળતા માટે ચારીત્ર્યએ પાયાનું પરીબળ છે. ખરેખર તો શિક્ષણનો અને માનવજીવનનો મુખ્ય હેતુ શ્રેષ્ઠતમ ચારીત્ર્ય નિર્માણનો છે. અણઘડ પથ્થરમાંથી માનવને શ્રેષ્ઠતમ ચારીત્ર્યમૂર્તિમાં પરીવર્તીત કરતી પ્રક્રિયાએ જ શિક્ષણ છે. પરંતુ આજના યુગમાં શિક્ષણ સામે એક મોટી ફરિયાદ એ છે કે તે માત્રને માત્ર તે યાદશક્તિની પરીક્ષા કરે છે. જીવન જીવવા માટેનું પ્રશિક્ષણ આપી શકાતું નથી અને એટલે કે જીવન ઘડતર માટેના પ્રશ્નો વધુ વિકરાળ બનતા જાય છે, સમાજ એટલે શું ?

સમાજ એટલેકે જે વ્યક્તિના માનસપટમાં ઘર કરી ગયેલ નકારાત્મક વૃત્તિઓને દૂર કરી સધ્વર્તન તરફ દોરવાનો પ્રયાસ કરે છે તે સમૂહ એટલે કે સમાજ.

Community મૂળ તો બે શબ્દોનો બનેલ શબ્દ છે.

Com-together

munis to serve

આમ, સમાજ એ માનવોનો એવો સમૂહ છે જેઓ એક સાથે રહી પરસ્પર સેવાની જવાબદારી અને કર્તવ્યો નિભાવે છે.

પ્રાચીન શિક્ષણ પદ્ધતિ

પ્રાચીન શિક્ષણ પદ્ધતિ મુખ્યત્વે વેદ, ઉપનિષદ અને ધર્મસુત્રો પર આધારીત હતી. મહત્વના ગણાતા કેટલાક મહત્વના સ્ત્રોતો ઇતિહાસ અનવીસીકી, મિમાંસા, શિલ્પશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર હતું.

વૈદિક સમયગાળા દરમિયાન 4 વર્ષની ઉંમરે શિક્ષણ આપવાનું શરૂ થયું હતું. બૌદ્ધ સમયાગાળા દરમિયાન શિક્ષણ અપાતું હતું. આધુનિક શિક્ષણ પદ્ધતિનો અમલ કેવી રીતે ?

સમાજ પરિવર્તનશીલ છે. સમાજના બદલાતા સ્વરૂપના મૂલ્યો પણ બદલવા લાગ્યા અને મૂલ્યો બદલાતા કાળક્રમો પ્રાચીન ગુરુપ્રથા તૂટતી ગઇ અને સમયની સાથે શિક્ષણની પ્રથામાં પણ આમુલ પરિવર્તન આવતું ગયું. મધ્યકાલીન યુગમાં ગુરૂકુળોનું સ્થાન પાઠશાળાઓએ લીધું. આમ, શિક્ષણ આપવાની પ્રથા ચાલુ થઇ પરંતુ તેમાં રહેવાના તથા અભ્યાસના સ્થળો અલગ થયા ત્યારબાદ ધીરે ધીરે અંગ્રેજી કેળવણીનો પ્રારંભ થયો. હાલની આધુનિક શિક્ષણપ્રથા અસ્તીત્વમાં આવી છે. સમાજઘડતરમાં શિક્ષણનો ફાળો

પ્રાચીન કાળથી લઇને આધુનિક સુધીમાં શિક્ષણની જયોત પ્રજ્વલીત થઇ છે. ત્યાંથી શિક્ષણના લીધે સમાજ ઘડાયો છે. શિક્ષણ વ્યવસ્થાને તેના સામાજીક સંદર્ભમાં સમજાવવા માટે જે સ્થાનીક સમુદાયમાં તે ઉદ્ભવે છે અને કાર્ય કરતા વિકાસ પામે છે તે સ્થાનીક સમુદાયના સંદર્ભમાં પણ હોવી જોઇએ. ભારતમાં સ્થાનીક સમુદાયો વચ્ચે પણ ખૂબ મોટા તફાવતો જોવા મળે છે. નાના ગામડા અને મોટા મહાનગરો, મોટાભા ઉપલી જ્ઞાતિઓ રહેતી હોય તેવા ગામડા, મોટા ભાગે નીચલી જ્ઞાતિઓ રહેતી હોય તેવા ગામડા તથા એકાંકી આદિવાસી ગામડા, સાધનસંપન્ન સમુદાયો વચ્ચે ગરીબ સમુદાયો વગેરે આવા મોટા તફાવતોને કારણે ભિન્ન-ભિન્ન પ્રકારના સ્થાનીક સમુદાયોમાં ભિન્ન-ભિન્ન સ્તરની શિક્ષણ સંસ્થાઓ અસ્તીત્વમાં આવે એ શકય છે. જેમ સ્થાનીક સમુદાયની અસર શિક્ષણ સંસ્થાઓ પણ તેમના સ્થાનિક સમુદાય પર વળતી અસર પાડી છે. આમ, આ સ્થાનીક સમુદાયો પર અને

તેમની શિક્ષણ સંસ્થાઓ વચ્ચેની પારસ્પરીક અસરોને તપાસવી એ પણ શિક્ષણ વ્યવસ્થાને સમજવામાં જરૂરી છે. શિક્ષણ વ્યવસ્થાના સામાજિક કાર્યો

- વ્યક્તિત્વ ઘડતરનું કાર્ય
- પસંદગી અને ફાળવણીનું કાર્ય
- પરીવર્તનશીલ સમાજના સર્જનનું કાર્ય
- જ્ઞાન સર્જનનું કાર્ય
- સભ્ય સમાજની સ્થાપનાનું કાર્ય
- સામાજીકરણ અને સામાજીક નિયંત્રણ

શિક્ષણ અને સંશોધનના પડકારો

- ચોક્કસાઇપૂર્ણ સંશોધનનો અભાવ
- શિક્ષણ વ્યવસ્થામાં સુધારણાની આવશ્યકતા
- આધુનિક શિક્ષણ પદ્ધતિમાં સુધારો કરવો
- ગતિશીલ સમાજનું સર્જન થઇ શકયું નથી
- શિક્ષણ અને સંશોધનના ઉપાયો
- શિક્ષણ વ્યવસ્થામાં સુધાર લાવવો જોઈએ.
- સમાજ ઘડતરમાં સંશોધન ઉપયોગી બનાવવું
- સભ્ય સમાજની સ્થાપનાનું કાર્ય વેગમાન બનાવવું
- જ્ઞાન સર્જન માટે સતત પ્રયાસ કરવા

❖ સમાપન :-

ભારતીય સમાજમાં શિક્ષણ એ જ્ઞાન મેળવવા માટેનું પગથીયું છે અને સંશોધન દ્વારા સમાજ ઘડતરને પ્રોત્સાહન મળી રહે છે અને સમાજનો વિકાસમાં ફાળો વધી શકે છે. કોઇપણ બાબતની ફાયદાની સાથે તેમાં નુકશાન પણ હોય છે તેવી જ રીતે સમાજ ઘડતરમાં શિક્ષણ અને સંશોધનનું અમૂલ્ય યોગદાન તો છે જ પરંતુ સાથે સાથે તેના પડકારો પણ રહેલા છે જે એક નોંધનીય બાબત છે તેના માટે તેના ઉપાયોનો અભ્યાસ કરવો જરૂરી બને છે.

**સંદર્ભસૂચિ**

- શાહ, બી. વી. શિક્ષણનું સમાજશાસ્ત્ર. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. ગાંધી, મો. ક., પાયાની કેળવણી.

Certificate No.:010212202314


multidisciplinary COSMOPOLITAN JOURNAL OF RESEARCH (MUCOJOR)-2583-9829 (on-line)

International Peer Reviewed and Refereed Journal


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

રવિકુમાર મોહનભાઇ વાજા

In recognition of the publication of the paper entitled

સમાજ ઘડતર માટે શિક્ષણ, સમાજ અને સંશોધનની ભૂમિકા અને જવાબદારી : પડકારો અને ઉપાયો

Published in Volume 01, Issue 02, December 2023.

**EDITOR IN CHIEF**